| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૦ | ૨૩ |

## બરવાળાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,
## મુકામ–બરવાળા, જીલ્લો–બોટાદ.

**ફોજદારી કેસ નંબર–૧૯૦/૨૩**
**આંક :**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુદ્દધ**

**આરોપી : બલુભાઈ શામજીભાઈ વેકરીયા,**
ઉ.વ.–૪૨
રહે. રામપરા,
તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ.

**ગુન્હો:– ધી આર્મ્સ એકટ ની કલમ–૨૫(૧–બી)એ મુજબ.**

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડો.પી.એન.કાંગ્રીચા
આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી પી.એમ.રાઠોડ

## –: ચુ કા દો :–

૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટામાં એક હાથ બનાવટનો દેશી તમંચો (અગ્નિશસ્ત્ર) કિમત રૂપિયા ૨,૦૦૦/– નો સાથે રાખી મળી આવી પકડાઈ જઇ, ધી આર્મ્સ એકટની કલમ ૨૫ (૧–બી) એ મુજબનો ગુન્હો કરેલ.

આથી ઉપરોકત બનાવ બાબતે ફરિયાદીએ હાલના આરોપીઓ વિરૂધ્ધ બરવાળા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવેલી.

ફરિયાદીએ ઉપર મુજબની વિગતે ફરિયાદ નોંધાવતાં, બરવાળા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૧૧૧૯૦૦૦૧૨૨૦૪૭૧/૨૦૨૨ હેઠળ આર્મસ એક્ટ કલમ–૨૫(૧–બી)એ મુજબનો ગુન્હો આરોપી વિરૂધ્ધ નોંધાયેલ.

**૨)** સદર ગુન્હો નોંધાતાં, તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં શાહેદોના નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામાઓ કરેલ, હાલના આરોપીને અટક કરેલ તેમજ જરૂરી પુરાવા એકઠાં કરી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં હાલનાં ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

**૩)** હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુન્હા સબબ આંક– ૧૧ થી આરોપીનુ તહોમતનામુ ફરમાવી, આંક–૧૨ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૪)** ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

## **–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | સાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧ | **પંચ** ધીરૂભાઈ બચુભાઈ પુરાણીયાની જુબાની | ૧૩ |
| ૨ | **પંચ** અજીતસિંહ ભીખુભાઈ ડાભીની જુબાની | ૧૫ |
| ૩ | **ફરિયાદી** ભગીરથભાઈ જોરૂભાઈ બોરીચાની જુબાની | ૧૭ |
| ૪ | **તપાસ કરનાર અધીકારીશ્રી** અનીરૂધ્ધસિંહ ગંભીરસિંહ સોલંકીની જુબાની | ૨૦ |

| | | |
|---|---|---|
| ૫ | **સાહેદ** ગોવિંદભાઈ કાળુભાઈ ગળચર ની જુબાની | ૩૫ |
| ૬ | **સાહેદ** દીલીપસિંહ મહોબતસિંહ ટાંક ની જુબાની | ૩૬ |
| ૭ | **સાહેદ** શીવરાજભાઈ નકુભાઈ ભોજક ની જુબાની | ૩૭ |
| ૮ | **સાહેદ** અશોકકુમાર નસરીયાભાઈ રાઠવાની જુબાની | ૩૮ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| **અનુક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૧૪ |
| ૨ | ફરિયાદ | ૧૮ |
| ૩ | ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ | ૨૧ |
| ૪ | એફ.એસ.એલ. પરીક્ષણ માટેના કાગળો | ૨૨ |
| ૫ | એફ.એસ.એલ. રવાનગી પત્ર | ૨૩ |
| ૬ | એફ.એસ.એલ. કચેરીને મળ્યાની પહોંચ | ૨૪ |
| ૭ | મ્હે.જીલ્લા મેજી.સાહેબ ને કરેલ પરવાનગી પત્ર | ૨૫ |
| ૮ | મ્હે.જીલ્લા મેજી.સાહેબ તરફે મંજુરી મળતો પત્ર | ૨૬ |
| ૯ | અભીપ્રાય મોકલ્યા બાબતનો પત્ર | ૨૯ |
| ૧૦ | અભીપ્રાય | ૩૧-૩૨ |
| ૧૧ | પોલીસ અધિક્ષકશ્રી બોટાદનું જાહેરનામું | ૩૯ |
| ૧૨ | ચાર્જશીટ દાખલ કરવા બાબતનો પત્ર | ૪૦ |

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી શ્રી ની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૫) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતાં આરોપીઓ નુ ફોજદારી કાર્યરીતી સંહિતા

ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપી તેમની વિરૂધ્ધના પુરાવાને નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે. ત્યારબાદ, આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા આરોપીનાં વિ.વ.શ્રી પી.એમ.રાઠોડ ની મૌખીક દલીલ સાંભળવામા આવેલ છે.

**૬ )** કેસની હકીકત તેમજ દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દા ઓ ::–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટામાં એક હાથ બનાવટનો દેશી તમંચો (અગ્નિશસ્ત્ર) કિમત રૂપિયા ૨,૦૦૦/– નો સાથે રાખી મળી આવી પકડાઈ જઈ, ***આર્મ્સ એકટની કલમ– ૨૫(૧–બી)એ*** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૭)** ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## ::નિર્ણયના કારણો::

ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું

બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

- **<u>મુદ્દા નંબર ૧ તથા ૨ અંગે:–</u>**

૮) આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરુદ્ધનાં ગુના અંગેની ઈન્સાફી

કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો છે. તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૯) ઉપરોકત બન્ને પક્ષોની મૌખીક દલીલ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આરોપી ઉપર આક્ષેપાયેલ ગુન્હો આર્મ્સ એકટ ની કલમ– ૨૫ (૧–બી)એ ના તત્વો ફરીયાદ પક્ષે નિં:શંક પણે પુરવાર કરે છે કે કેમ તે અંગે ઉપરોકત આક્ષેપીત ગુન્હા ના તત્વો અને રેકર્ડ ઉપર રજુ પુરાવાનુ મુલ્યાંકન કરતા,

- **<u>ફરિયાદી તથા પોલીસ સાહેદોના પુરાવાઓઃ –</u>**

**૧૦)** ફરીયાદી નામે **ભગીરથભાઈ જોરુભાઈ બોરીચા** ની જુબાની **આંક–૧૭** થી લેવામા આવેલ છે તેઓની ની જુબાની જોતા તેઓએ ફરીયાદ ને અનુરુપ જુબાની આપેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, ગઈ તા. ૨૩/૧૧/૨૨ ના રોજ રાજભવન હોટલ આગળ રામપરા ગામના પાટીયા પાસે બજરંગદાસબાપાની મઢુલી પાસે એક અજાણ્યા ઈમસ ના પેન્ટના નેફા માંથી હાથ બનાવટનો દેશી તમન્ચો મળી આવેલો જે રાખવા બાબતે બાતમી વાળા ઈસમને પુછપરછ કરતા પાસ પરમીટ માંગતા તેની પાસે કોઈ આધાર પુરાવો નહી હોવાનુ જણાવેલ. પંચો રૂબરૂ હાજર ઈસમ નુ નામ પુછતા તેણે પોતાનુ નામ બલુભાઈ શામજીભાઈ વેકરીયા હોવાનુ જણાવેલ અને મજકુર ના કબજા માંથી મળી આવેલ દેશી તમન્ચો તપાસ અર્થે પંચનામાની વીગતે કબજે કરેલ અને મજકુર ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલ જે આંક–૧૮ થી રજુ રાખેલ છે.

બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ થયેલ છે જેમા સાહેદ એ હકીકત નો સ્વીકાર કરે છે કે, કલેકટર શ્રી ની પરવાનગી લઈ હાલની ફરીયાદ દાખલ કરેલ હોય તેવુ બનેલ નહી. બનાવ વાળુ સ્થળ હાઈવે રોડ છે ત્યા વાહનોની સતત અવરજવર ચાલુ હોય છે. સાથેના કર્મચારીઓની પંચો રૂબરૂ અંગ જડતી કરેલ હોય તેવુ બનેલ નથી

મુદામાલ હાલ ચાલુ હાલત મા નથી. હાલનો મુદામાલ પો.સ્ટે મા ફાયર કરી એફ.એસ.એલ મા મોકલેલ હોય તેવુ બનેલ નથી.

**૧૧)** ત્યારબાદ **આંક–૩૫ થી પોલીસ સાહેદ ગોવીંદભાઈ કાળુભાઈ ગળચર** તથા **આંક–૩૬ થી પોલીસ સાહેદ દીલીપસિંહ મહોબતસિંહ ટાંક** તથા **આંક–૩૭ થી પોલીસ સાહેદ શીવરાજભાઈ નકુભાઈ ભોજક** ને સોગંદ પર તપાસતા સદરહુ સાહેદો પેટ્રોલીંગ મા સાથે હતા અને તેઓ આરોપીના કબજા માથી મળી આવેલ દેશી તમન્ચો તપાસ અર્થે પંચનામાની વીગતે કબજે કરેલા નુ તથા આરોપીને અટક કરેલા ની હકીકતો જણાવે છે, પરંતુ અગાઉ કરેલ ચર્ચા મુજબ પુરાવાની કડી સ્વતંત્ર પંચ સાહેદોના સમર્થન ના અભાવે ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પ્રસ્થાપિત થતો નથી. સદર પોલીસ સાહેદો ની જુબાની ઉપર થી હાલના ગુના મા હાલના આરોપી ની સંડોવણી હોય તેવી હકીકત નિ:શંક પણે સાબીત થતી નથી. જેથી ઉપરોકત સાહેદો ની જુબાની પરથી આરોપીની આપરાધિક જવાબદારી નકકી કરી શકાય નહી.

આમ, સદર ફરીયાદીની તથા પોલીસ સાહેદોની સમગ્ર સરતપાસ જોવામાં આવે તો મહંદ અંશે આંક –૧૮ ની ફરીયાદ મુજબ સોગંદ પર જણાવે છે. પરંતુ સદર જુબાની ઉપર થી સદરહુ ગુના મા હાલના કામના આરોપી આપરાધીક જવાબદારી નકકી કરી શકાય તેવી હકીકત નિ:શંક પણે સાબીત થતી નથી **અને માત્ર પોલીસ સાહેદો કે જેઓ પરીણામ માં રસ ધરાવનાર સાહેદ હોય તેઓની અન્ય સ્વતંત્ર સાહેદોના સમર્થન વગરની જુબાનીને માની શકાય તેમ ન હોય અન્ય પુરાવો પણ ધ્યાને લેવો જરૂરી જણાય છે.**

➢ <u>**પંચસાહેદોનો પુરાવોઃ –**</u>

**૧૨)** સદરહુ કેસમાં ફરીયાદપક્ષે અતિ મહત્વના અને ચાવીરૂપ સાબિત થઈ શકે તેવા મુદામાલ રીકવરી પંચનામાના **પંચ ધીરુભાઈ બચુભાઈ પુરાણીયા ને આંક–૧૩** થી તથા **પંચ અજીતસિંહ ભીમુભાઈ ડાભી ને આંક–૧૯** થી તપાસેલ

છે.

સદરહુ પંચસાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો પંચ સાહેદોએ તેમના મૌખિક પુરાવામાં તેમને એક લખેલા કાગળમાં સહી કરી આપેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ તેમાં શુ લખેલ છે કે આ કેસની હકીકત બાબતે તેઓ કશુ જાણતા ન હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી.

આમ, ઉપરોકત પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને માત્ર પોતાની સહી પુરતુ જ સમર્થન કરે છે. સરકાર પક્ષે ભારતીય પુરાવા અધીનીયમ કલમ ૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરતા પણ કોઈ ફળદાયી હકકત સાબીત થતી નથી. અને સરકાર પક્ષે ફરી ગયેલા જાહેર કરેલ. **આમ સદરહુ બન્ને પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.**

➢ **<u>ડી.એમ.શાખા બોટાદ ના જાણકાર કલાર્ક નો પુરાવોઃ –</u>**

**૧૩)** ફરિયાદપક્ષે આ કામે આંક–૩૮ થી મામલતદાર કચેરી બરવાળા ના કલાર્ક શ્રી અશોકકુમાર નસરીયાભાઈ રાઠવા ને સોગંદ પર તપાસતા સદરહુ સાહેદ, તા.૦૩/૧૨/૨૫ થી મામલતદાર કચેરી બરવાળા ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને જણાવે છે કે, હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા વિનંતી કરતા, જી.મેજી.સાહેબશ્રી એ ચાર્જશીટ કરવા મંજુરી આપેલ.

સદરહુ સાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, **બનાવના અરસામા તેઓને ડી.એમ.સાહેબશ્રી સાથે નોકરી કરવાનો પ્રસંગ બનેલ નહી તેથી હુકમ કેવી રીતે કરેલ અને તેની મંજુરી કેવી રીતે મેળવેલ તે તેઓ કહી શકે નહી અને તેઓ માત્ર રેકર્ડ ના આધારે જુબાની આપે છે.** આમ, સદર સાહેદની જુબાની ઉપર થી સદરહુ ગુના મા હાલના કામના આરોપી આપરાધીક જવાબદારી નકકી કરી શકાય નહી.

➢ **<u>તપાસ કરનાર અધિકારીશ્રીનો પુરાવોઃ –</u>**

**૧૪)** ફરિયાદપક્ષે આ કામે આંક–૨૦ થી તપાસ કરનાર અધિકારી શ્રી એ.જી.સોલંકી ને સોગંદ પર તપાસતા સદરહુ તપાસ કરનાર અધિકારી શ્રી એ પોતે કરેલ તપાસ ને અનુરુપ જુબાની આપેલ છે, સદર તપાસ કરનાર અધિકારી શ્રી એ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ છે તથા આરોપી વિરૂદધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો મળી આવતાં નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ . પરંતુ પુરાવાની કડી પંચ સાહેદો, તથા સ્વતંત્ર સાહેદના સમર્થન ના અભાવે ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પ્રસ્થાપિત થતો નથી.

આ સિવાય ફરીયાદપક્ષ ના સમર્થન મા અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલો નથી.

**૧૫)** આ તબક્કે **સતિષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ – ૧૯૯૬ (૯) એસ.સી.સી., ૭૬૬** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત જો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.સુપ્રિમ કોર્ટની ડીવીઝનલ બેન્ચે ઠરાવેલ છે કે, ".......જ્યારે જજને ચોક્કસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુર્ણ કરવા માટે વેડફવો નહિ...... " તેમ છતાં હાલના કામે પોલીસ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે. વળી, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય આજુબાજુના વ્યક્તિઓના નિવેદનો ફરિયાદી દ્વારા નોંધવામાં આવેલ નથી.

**નામદાર સુપ્રિમ કોર્ટના *HARPALSINGH Vs. DEVENDRASINGH A.I.R. 1997 SC 2914* ચુકાદા મા એવુ ઠરાવામા આવેલ છે કે ,** '' પ્રોસીકયુશન જો કોઈ સાક્ષીને તપાસવા ન માંગે અને કોઈ મહત્વના સાક્ષીને ન તપાસે તો તે અંગેનુ એડવસ ઈન્ફરન્સ ડ્રો ન કરી શકાય. આમ, ફરીયાદપક્ષે કયા સાહેદ તપાસવા કે કયા સાહેદ તપાસવા નહી, તે વિષય ફરીયાદપક્ષનો છે'' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે. ફરીયાદ પક્ષે પોતાની ફરીયાદ પુરવાર કરવા કયા સાહેદોને લેવા કે ન લેવા તે તે તેમનો વિષય છે.

પણ કોર્ટે એ ધ્યાન રાખવાનું છે કે, જે સાક્ષીઓને કોર્ટમાં તપાસવામાં આવેલ છે તેઓની જુબાની ઉપરથી ગુનો ફલિત થાય છે કે નહી અને તેઓની જુબાની કેટલા અંશ સુધી માનવા પાત્ર છે.

**૧૬)** હાલના કામે આર્મ્સ એક્ટની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે .

**કલમ–૨૫ કેટલાક ગુનાઓ માટે શિક્ષાઃ–**

**(૧–બી) જે કોઈ વ્યકિત –**

**(એ)** કલમ ૩ નું ઉલ્લઘન કરીને કોઈ અગ્નિશસ્ત્ર અથવા દારુ ગોળો પોતાના કબજામા રાખે અથવા લઈ જાય તેને બે વર્ષ કરતા ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદત સુધીની કેદની શિક્ષા થઈ શકશે અને દંડને પણ પાત્ર થશે.

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા આર્મ્સ એકટની કલમ–૩ ધ્યાને લેવી જરુરી છે. જે મુજબ કોઈ વ્યકિત આ અધિનીયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર આ અર્થે કાઢી આપેલુ લાઈસન્સ ધરાવતી ન હોય તો તેનાથી કોઈ અગ્નિશસ્ત્ર અથવા દારુગોળો સંપાદિત કરી શકાશે નહી. અથવા પોતાના કબજામા કે પોતાની સાથે રાખી શકાશે નહી. આમ, આ કામના આરોપી એ વગર લાઈસન્સે પોતાના કબજામા અગ્નિશસ્ત્ર રાખી અને તે રીતે શરતનો ભંગ કરેલ હોય તેવી હકીકત સાબીત કરવી જોઈએ.

**૧૭)** ઉપરોકત આક્ષેપિત કલમો ના તત્વો તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં, હાલના કામે કબજે કરવામા આવેલ મુદામાલ હથિયાર ફાયર કરવાની પરીસ્થીતીમા ન હતો તથા હાલનો મુદામાલ પો.સ્ટેમા ફાયર કરી એફ.એસ.એલ મા મોકલેલ હોય તેવુ બનેલ નથી. આ અંગે એફ.એસ.એલ ગાંધીનગર થી આવેલ આંક–૩૨ થી રજુ થયેલ એફ.એસ.એલ રીપોર્ટ વંચાણે લેવામા આવે તો તેમા જણાવેલ છે કે, પ્રયોગશાળામા ટેસ્ટફાયર કરવા અર્થે નમુનામા તમંચામા કારતુસ ચેમ્બર કરવા માટે ટોપ બ્રેક કરવાનો

પ્રયત્ન કરતા, તે થતુ ન હતુ. પ્રયોગશાળામા નમુના–એ ના તમંચાની બન્ને બેરલનુ અલગ–અલગ બેરલવોશ લઈ તેમા ફુટેલા દારુગોળાના અવશેષો તથા લેડની હાજરી અંગેનુ રાસાયણિક પૃથ્થકરણ કરતા, તેની હાજરી જોવા મળેલ ન હતી. જે તે સ્થિતીમા નમુના–એ ના તમંચામાથી ટેસ્ટ ફાયરીંગ થઈ શકે તેમ ન હતુ. આમ, ઉપરોકત અભિપ્રાય ધ્યાને લેતા કબજે કરવામા આવેલ હથિયાર અગ્નિશસ્ત્ર હતુ કે કેમ તે અંગે શંકા ઉદભવે છે. વધુમા, હથિયાર પંચો ની હાજરી મા કબજે કરવામા આવેલ છે પરંતુ **આ કામના પંચસાહેદોએ પોતાના આંક–૧૪ પંચનામાને મદદરૂપ થતો કોઇ પુરાવો આપેલો નથી અને પંચનામાની હકીકત ને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જ્યારે સરકારી પોલીસ સાહેદોએ પોતાની ફરજ દરમ્યાનની માત્ર કામગીરી કરેલ હોવાનું જણાઇ આવે છે . આમ, ફરિયાદી તથા સાહેદોએ પોતાના પુરાવામાં આરોપીને તકસીરવાન ઠરાવવા સબબનો ફરિયાદપક્ષન સમર્થનકારી પુરાવો આપેલ હોવાનું રેકર્ડ ઉપર જણાઇ આવતું નથી.** વધુમા, આ કામે સ્વતંત્ર પંચ સાહેદ તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોવાનો ઈન્કાર કરે છે. આ કામે ફરિયાદપક્ષ સ્વતંત્ર સાહેદના પુરાવાથી પોતાની આક્ષેપીત હકીકતો સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલા છે. તેમજ જો પોલીસ ધ્વારા ખરેખર આરોપીના કબજામાંથી કોઈ હથીયાર કબજે કરવામાં આવેલ હોય, તો પંચનામાની વિગતે જયારે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય ત્યારે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ– ૫૧ મુજબ તેને ચોકકસ પાવતી આપવામાં આવેલ હોત. પરંતુ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપી પાસેથી કોઈ કબજે લીધેલ મુદ્દામાલ અંગે તેઓને કોઈ પાવતી આપવામાં આવેલ નથી કે તે બદલ આરોપીની સહી મેળવી તે પોતાના કેસના સમર્થનમાં રજુ કરવામાં આવેલ નથી. તેવા સંજોગામાં માત્ર રૂબરૂમાં કરવામાં આવેલ પંચનામા આધારે આરોપી સામેનો કથીત અપરાધ સાબીત કરવામાં હાલનાં સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષને કોઈ રીતે સહાયક નીવડતો હોય તેમ જણાઈ આવતું નથી.

**૧૮)** વધુમા, આ કામે રેકર્ડ ઉપરની હકીકત છે કે, કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદન તપાસ કરનાર અમલદાર ધ્વારા લેવામાં આવેલ નથી. આ તબકકે ભારતીય પુરાવા અધિનીયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા.... તથા નામ. સુપ્રિમ કોર્ટે સન્શપાલસીગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો નિશંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, <u>અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી</u> '' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.અને આવા કેસમાં મહત્વનો કહી શકાય તેવો દસ્તાવેજ પંચનામું છે, પરંતુ પંચ સાહેદ પણ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. તેથી પુરાવો જોતાં આરોપીઓ સામેના ચોકકસ પુરાવાના અભાવે ઉભી થતી શંકાનો લાભ આરોપીઓને મળવો જોઈએ.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અપાયેલ ચુકાદો, **મહાવીરસીંગ વિ. સ્ટેટ ઓફ એમ.પી. ૨૦૧૬ (૦) સુપ્રિમ (એસ.સી.) ૮૮૨,** માં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવુ નોંધવામા આવેલ છે કે, ''જયારે ફરીયાદપક્ષના કેસ પરના પુરાવા પરથી બે નિર્ણયો આવી શકવાની શકયતા રહેલી હોય તેવા સમયે આરોપીને લાભ આપવો જોઈએ''.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અપાયેલ ચુકાદો ૨૦૧૭ (૦) સુપ્રિમ (એસ.સી.) પાના નંબર–૬૨૪, **એસ. સુબ્બુલક્ષ્મી વિરૂધ્ધ કુમારસ્વામી અને બીજાના ચુકાદામાં** નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ છે કે, ''જયારે ફરીયાદપક્ષની સ્ટોરી કે પુરાવો આરોપીનો ગુન્હો બતાવવામાં વિશ્વાસપાત્રતા ન ધરાવે અને રેકર્ડ પર આવેલ પુરાવા થકી શંકા ઉપજે તથા પુરાવામાં વિરોધાભાસ અને અતિરેક જોવા મળે તો તેવા પુરાવા થકી આરોપીને ગુન્હામાં જોડી દેવો તે સુરક્ષિત

નથી તથા જયારે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંક પણે પુરવાર કરવામાં પોતાની ફરજ નિર્દોષ ભાવે ન નિભાવી શકે તો તેવા પુરાવાના આધારે આરોપીને સજા કરી શકાય નહી''.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અપાયેલ બીજો ચુકાદો, **સતિષ નિરંનકારી વિરૂધ્ધ રાજસ્થાન, ૨૦૧૭(૦) સુપ્રિમ (એસ.સી.) પાના નંબર–૫૭૪,** માં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ છે કે, ''આરોપીને સજા કરી શકાય નહી સિવાય કે તેની સામેનો ગુન્હો નિશંકપણે પુરવાર કરવામાં ન આવે''.

**૧૯)** આમ, ફરીયાદ પક્ષનો કેસ નામદાર સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાતોને તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સને ધ્યાને લેતા ફરીયાદપક્ષે નિશંકપણે અને શંકાઓથી પર રહીને તેઓનો કેસ પુરવાર કરવાનો રહે છે. અને આ પુરાવાનો બોજો હંમેશને માટે ફરીયાદપક્ષના શીરે રહેલો છે અને આ પુરાવાનો બોજો આરોપી પર કદી રીબર્ટ થતો નથી. પરંતુ આરોપી તેઓનો કેસ અપવાદમાં પડતો હોવાનો બચાવ લેતા હોય અને પોતે કહેલી હકીકત ન્યાયાલય માને તેમ પોતે ઈચ્છતી હોય તેવા સંજોગોમાં પુરાવાનો બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૫ અન્વયે આરોપી પર આવી જાય છે. એજ રીતે આરોપી પોતાનો બચાવ રજુ કરવામા સદંતર નિષ્ફળ પણ નિવડે અથવા તો આરોપી પોતાનો બચાવ રેકર્ડ પર સાબિત ન કરી શકે તો તેનાથી આરોપીને નુકસાન થવાની શકયતા નહીવત રહેલી છે અને તેવી નિષ્ફળતાનો લાભ ફરીયાદપક્ષને મળતો નથી. હાલના કામમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી શંકાથી પર રીતે પોતાનો કેસ પુરાવાર કરી શકેલ નથી.

**૨૦)** આ સંજોગોમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઈ શકે તેમ ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧–બી)એ પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ છે.જેથી આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટામાં એક હાથ બનાવટનો દેશી તમંચો (અગ્નિશસ્ત્ર) કિમત

રૂપિયા ૨,૦૦૦/– નો સાથે રાખી મળી આવી, **આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)એ મુજબનો** શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરાવાર થતી નથી. જેથી **મુદ્દા નંબર ૧** નો જવાબ ''**નકારમા**'' ઠરાવી **મદ્દા નંબર ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –: આખરી હુકમ :–

૧. આ કામે આરોપી **બલુભાઈ શામજીભાઈ વેકરીયા,** ઉ.વ.–૪૨ રહે. રામપરા, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ નાઓને તેઓ વિરૂધ્ધ નોંધાયેલ **ધી આર્મ્સ એકટ ની કલમ–૨૫(૧–બી)એ** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદામાલ પાવતીમા દર્શાવ્યા મુજબનો મુદામાલ એક હાથ બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) જો કોઈ ની માલીકી નો હોય તો તેની મુળ માલીકી હકક ની ખરાઈ કર્યે થી અપીલ સમય બાદ મુળ માલીકને પરત સોંપવો અન્યથા સદર મુદામાલ શસ્ત્રાગાર મા મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે.

૩. આરોપીના જામીન સમયે આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા) નાં અપીલ સમય સુધીના જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૦૬મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૦૬/૦૪/૨૦૨૬<br>બરવાળા. | (નિતેશ કિશોરભાઈ નાચરે)<br>જયુડીશીચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ<br>બરવાળા, જીલ્લો–બોટાદ.<br>યુનિક જજ કોડ–જીજ ૦૧૪૫૧ |